# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પોસ્ટ બોક્સ નંબર: ૧૦
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦ (ગુજરાત)
**નેક એક્રેડિશન ગ્રેડ "એ"**
**(૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)**

ફોન : ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫
ફેક્સ: ૦૨૬૯૨-૨૩૬૪૭૫
ઈમેલ:exam_spu@spuvvn.edu
વેબસાઇટ:www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## અગત્યનો પરિપત્ર

**વિષય: પદવીદાન સમારંભમાં ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ ખાદીના પોષાકમાં હાજરી આપવા બાબત.**

આગામી ડિસેમ્બર-૨૦૨૩માં ૬૬મો વાર્ષિક પદવીદાન સમારંભ **તારીખ : ૧૫/૧૨/૨૦૨૩ના** રોજ યોજાઇ રહ્યો છે. તેમજ દેશની આઝાદીને ૭૫ વર્ષ પુર્ણ થયેલ હોઇ ત્યારે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે પદવીદાન સમારંભમાં તમામ ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ ખાદીને પ્રોત્સાહન મળે તે ઉદ્દેશ્યથી ખાદીના પોષાકમાં હાજર રહે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

૧. વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે ટોપ/ઝભ્ભો (૩મીટર)
૨. વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે લેંઘો (૨.૫ મીટર) કુલ રૂ.૮૯૫/-

★ ખાદીનો ઝભ્ભો, સ્ટેન પટ્ટી કોલર તથા લાંબી સ્લીવ (લાંબી બાહી) સાથેનો બનાવવો.

ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનારા તમામ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત યુનિવર્સિટી દ્વારા **નક્કી** કરેલ ખાદીનું કાપડ યુનિવર્સિટીના સ્ટોર વિભાગ (રૂમ નંબર: ૧૦૮) માંથી **તારીખ: ૨૦/૧૧/૨૦૨૩થી ૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં રૂા. ૮૯૫/-** ભરીને ખરીદવાનું રહેશે. સદર પોષાક માટેનો સીલાઇ ખર્ચ સ્વ ખર્ચે ભોગવાનો રહેશે. આ બાબતને સિન્ડિકેટ સભા તારીખ: ૦૬/૧૦/૨૦૨૨ની કાર્યનોંધમાં મંજૂર થયા મુજબ ખાદીના યુનિફોર્મ પહેરીને (ભારતીય વેશ/પોષાક મુજબ) તારીખ: ૧૫/૧૨/૨૦૨૩ના રોજ પદવીદાન સમારંભમાં હાજરી આપવાની રહેશે.

નંબર: ઈ-૩/**૧૮૮૩**
તારીખ: ૦૬/૧૧/૨૦૨૩
વલ્લભ વિદ્યાનગર

નાયબ કુલસચિવ

સવિનય નકલ રવાના:
(૧) યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ/કોલેજનાં આચાર્યશ્રીઓને/ઇન્સ્ટીટ્યુટ્સના નિયામકશ્રીઓ તરફ વિદ્યાર્થીઓને જરૂરી જાણ કરવા સારૂ.
(૨) વડાશ્રી, હિસાબ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
(૩) વડાશ્રી, સ્ટોર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
(૪) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.
(૫) કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ જાણ સારૂ.